ગાંધીનગર સમાચાર

શહેરી પરીવહનમાં મનપાની નિરસતા

@ગાંધીનગર

• સે-૬-એ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહના પાંચમા દિવસે બાળલીલા ગોવર્ધન પૂજા બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

• પ.પૂ. દ્વારકાદાસજીબાપુની તિથિ નિમિત્તે મહંતશ્રી રામબાલકદાસજી બાપુ દ્વારા સુંદરકાંડના પાઠનું આયોજન રાત્રે ૮ કલાકે ગોરા હનુમાનજી મંદિર, કોલવડા-સોનીપુર રોડ, આયુર્વેદીક કોલેજની બાજુમાં યોજાશે.

• વિઠ્ઠલભાઈ પટેલ ભવન, ગુજરાત વિધાનસભાનું નવીનીકરણના કામનો શુભારંભ બપોરે ૧.૦૦ કલાકે વિઠ્ઠલભાઈ પટેલ ભવન-ગુજરાત વિધાનસભા ગાંધીનગર ખાતે થશે.

શહેર ભાજપ અગ્રણીના મકાનમાં ચોરી

રાત્રે ત્રાટકેલા તસ્કરોએ સે-૭માં રોડ ટચ મકાનને ટાર્ગેટ બનાવીને હાથફેરો કરી ગયા : ચાર દિવસ મકાન બંધ રહેશે તેવી પોલીસને જાણ કરી હોવા છતાં ચોરી થતાં આશ્ચર્ય : પોલીસનું પેટ્રોલીંગ તો ઠીક પરંતુ પોલીસના એકશન પ્લાન પણ નબળા...!

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર ભાજપના અગ્રણી નેતા અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા જીગ્નેશભાઈ જોષી ચાર દિવસ માટે તેમના સે-૭ સ્થિત નિવાસસ્થાનને તાળુ મારી પરિવાર સાથે ભુજ ફરવા ગયા હતા. પોતાનું મકાન બંધ રહેશે તેવી જાણ સ્થાનિક પોલીસને કરીને ગયેલા આ નેતાના રોડ ટચ મકાનમાં જ તસ્કરોએ રાત્રી દરમિયાન હાથ ફેરો કરી લેતા પોલીસની પેટ્રોલીંગ સ્કીમ અને એકશન પ્લાન બંનેના ધજાગરા ઉડી ગયા છે. જીગ્નેશભાઈ જોષીના સંબંધી કે જે સવારે આ મકાનમાં માછલીને દાણ નાંખવા આવ્યા હતા તેમની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ વકીલાતનો વ્યવસાય કરતા અને શહેર ભાજપ મીડીયા કન્વીનર જીગ્નેશભાઈ જોષી પરિવાર સાથે સેકટર-૭-ડી પ્લોટ નં. ૧૨૩૭/૨ ખાતે રહે છે. રીંગરોડ પરના ડબલ કોર્નર ધરાવતા રોડ ટચ આ મકાનનું લોકેશન જોતા તસ્કરોએ નિર્ભય બનીને હાથફેરો કર્યો તે જ પોલીસ માટે લપડાક છે. જીગ્નેશભાઈ જોષી ચાર દિવસ માટે ભુજ ગયા હતા. તેમના મકાનમાં માછલીઘર છે. માછલીઓને સમયસર દાણ નાંખવા માટે જીગ્નેશભાઈએ તેમના સંબંધી કિશોરભાઈ દવેને મકાનની ચાવી આપી રાખી હતી. કિશોરભાઈ સવાર સાંજ બે ટાઈમ દાણ નાંખવા જતા હતા. જીગ્નેશભાઈએ તેમનું મકાન ચાર દિવસ માટે પોતે બહારગામ જવાના હોવાથી બંધ રહેશે તેવી જાણ પણ સે-૭ પોલીસ મથકમાં કરી હતી જેથી પોલીસના એકશન પ્લાન મુજબ આ બંધ મકાનો પર પોલીસ રાત્રી પહેરો ગોઠવી શકે..! પરંતુ આ જ મકાનમાં રાત્રે ઘરફોડીયા ત્રાટકયા અને બે માળના મકાનના તમામ રૂમોમાં ફરીને તિજોરીઓ-કબાટો ફેંદી નાંખ્યા હતા. ઘરફોડીયાઓ એટલી શાંતિથી ચોરી કરીને ગયા હતા કે નકલી અને અસલી દાગીના ચેક કરીને ચોરી કરી ગયા હતા. નકલી દાગીના ત્યાં જ મુકી ગયા હતા અને અસલી ઉઠાવી ગયા હતા. કિંમતી કેમેરાને પણ હાથ લગાડયો ન હતો. મુખ્ય દરવાજાના નકુચાને તોડીને ઘુસેલા તસ્કરો કેટલી મત્તાની ચોરી કરી ગયા તે કહેવું મુશ્કેલ છે કેમ કે મકાન માલિક ભુજ છે અને ચોરીના સમાચાર સાંભળીને પરત ઘરે આવવા નીકળી ગયા છે. કિશોરભાઈ ગઈ રાત્રે સાડા નવ વાગ્યે માછલીને દાણ નાંખીને ગયા બાદ આજે સવારે દાણ નાંખવા આવ્યા ત્યાં સુધીમાં ઘરફોડ થવા પામી હતી. પ્રાથમિક તબક્કે કિશોરભાઈની ફરિયાદને આધારે રૂ. ૧૫૦૦ રોકડા તથા સોનાની બુટ્ટી મળી આઠેક હજારની મત્તાની ઘરફોડનો ગુનો પોલીસે નોંધ્યો છે. મકાન માલિક જીગ્નેશભાઈના ઘરે પરત આવ્યા બાદ અન્ય ચોરીની મત્તા અંગે ઉમેરો કરવામાં આવશે. સે-૭ પોલીસે ડોગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમ બોલાવી ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

વાતવાતમાં

• ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડ કમીટીની બેઠક બુધવારે યોજાઈ હતી. આ બેઠકમાં શહેરમાં રખડતાં ઢોરની સમસ્યાને નાથવા ઢોરવાડાના ખર્ચનું બજેટ વધારવાના મુખ્ય મુદ્દા સહિત અન્ય મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી.

• ગાંધીનગર આરટીઓ કચેરી ખાતે જિલ્લાના કોઈક દૂરના ગામેથી પોતાના કોઈક કામે આવેલા એક વયોવૃધ્ધ વડીલે ત્રણથી ચાર ધક્કા ખાવા છતાં તેમનું કામ પુરું ના થતા કર્મચારીઓ પર ગુસ્સે ભરાયા હતા. ગુસ્સે ભરાયેલા આધેડ વડીલે તેમની ફરિયાદ બહેરાં કાને અથડાઈ પાછી ફરતા છેવટે કંટાળીને આરટીઓ કચેરીમાં જમીન પર આળોટી પોતાનો રોષ વ્યકત કર્યો હતો.

• ગાંધીગરના ઘ માર્ગ પર ઘ-૧ સર્કલે એક કાર રસ્તો ક્રોસ કરી સે-૩ ન્યુ તરફ જવા વળી હતી ત્યારે અચાનક કાર ચાલકે કોઈ કારણસર બ્રેક મારતા ઈન્ફોસીટી તરફથી આવી રહેલ બાઈકસવાર કાર સાથે ટકરાઈ ગયો હતો. આ ટકકરના કારણે બાઈકનું આગળનુ ટાયર કારના આગળના ટાયર અને બમ્પર વચ્ચે ફસાઈ ગયું હતું જેને એકઠા થયેલા ટોળાએ ખાસ્સી વાર મહેનત કરી છેવટે કારનું બમ્પરવાળી બહાર કાઢયું હતું.

• વડાપ્રધાને ભારતીય ચલણમાં રૂ. ૧ હજારની નોટ રદ કરી તેના સ્થાને ૨ હજારની નોટ ચલણમાં મુકી છે જેના પગલે બેંકોમાં ટ્રાન્ઝેકશન સમયે ગ્રાહકોને ઘણી કડાકૂટનો સામનો કરવો પડી રહ્યો છે. બેંકમાં પોતાના ખાતામાં રોકડા નાણાં ભરવા માંગતા ગ્રાહકો જમા સ્લીપમાં ૨ હજારની ચલણી નોટોની સંખ્યા નોંધવાનું ખાતું જ ના હોવાથી જમા સ્લીપ કેવી રીતે ભરવી તે અંગે મુંઝવણમાં મુકાઈ રહ્યાં છે.

જુસીકાની પાવતીબુક ગુમ થયેલ છે

ગાંધીનગર, તા.૧૪

જુનિયર સીટીઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા જણાવવામાં આવે છે કે સેવા આપતી એમ્બ્યુલન્સમાં રાબેતા મુજબ સેવાવર્ધીમાં આપવામાં આવતી પાવતી બુક ખોવાયેલ છે. જે પાવતી બુકનો નંબર ૧૯૦૧ થી ૨૦૦૦ છે. જેમાં ૧૯૦૧થી ૧૯૨૦ સુધી પાવતીઓનો વપરાશ થયેલ છે. બાકીની પાવતીઓ સંસ્થા દ્વારા રદ બાતલ જાહેર કરેલ છે તેથી ખોવાયેલ પાવતીબુકનો કોઈ ગેરવહીવટ કરે તો તે માટે સંસ્થાની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહિ જે જહેર જનતાને વિનંતી સહ જાણ માટે જણાવેલ છે.

પહેલી જાન્યુઆરીએ મોચી સમાજ દ્વારા સ્નેહમિલન સમારોહ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા આગામી તા. ૧લી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ સવારે ૯.૦૦ કલાકથી સે-૨૩, કડી કેમ્પસના બ્રહ્માણી હોલ ખાતે સ્નેહમિલન સમારોહ તથા ધો-૧ થી ૧૦ના તેજસ્વી તારલાઓને તથા નિવૃત્તોને સન્માનવાનો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ જેમાં ડાન્સ, ગરબા, અંતકડી, સંગીત ખુરશી, એક પાત્રિય અભિનય વગેરેનું આયોજન કરેલ છે. ધો-૧ થી ૧૦ની માર્કશીટ તથા અન્ય માહિતી તા. ૨૦-૧-૨૦૧૭સુધીમાં મહેન્દ્રભાઈ રાઠોડને પ્લોટ નં. ૩૮૨/૨, સે-૨-બી, મો. ૯૮૯૮૦૬૭૮૧૩ને પહોંચાડવા વિનંતી છે. તો સમગ્ર મોચી સમાજના જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા પ્રમુખશ્રી ભગવાનભાઈ ગોહેલે જણાવેલ છે.

સે-૨ પ્રાથમિક શાળા સંકુલમાં પેવરબ્લોક નાંખવા માંગ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના વોર્ડ નં. ૮ ખાતે સેકટર-૨માં આવેલ સરકારી પ્રાથમિક શાળામાં સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાતે અચાનક મુલાકાત લઈ શાળા સંચાલકોને અચંબામાં મુકી દીધા હતા. નગરસેવિકાએ તેમની મુલાકાતમાં બાળકોને અપાતા મધ્યાહન ભોજન ઉપરાંત અન્ય સુવિધાઓ તથા બાળકોના સ્વાસ્થ્યને અનુલક્ષીને પાણીની ટાંકી વગેરેની જાત તપાસણી કરી હતી. આ સાથે તેમણે શાળા કંપાઉન્ડમાં ચોમાસાના સમયે પાણીનો ભરાવો થવાની સમસ્યાના નિરાકરણ માટે પેવરબ્લોક કરવા મ્યુનિસિપલ કમિશનરને લેખિત માંગ કરતી રજૂઆત પણ કરી છે.

વોર્ડ નં. ૮ના નગરસેવિકા પાયલબેન મેણાતે તેમના વોર્ડમાં

આવતા સેકટર-૨માં સરકારી પ્રાથમિક શાળાની આકસ્મિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે બાળકોને અપાતા મધ્યાહન ભોજનની વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. આ સાથે તેમણે શાળા સંકુલમાં દરેક ઓરડાની સાફ સફાઈ, શૌચાલય-બાથરૂમ, વગેરેની સાફસફાઈ તેમજ પીવાના પાણીની ટાંકી સુધ્ધાંની જાત તપાસ કરી હતી. આ સાથે તેમણે શાળાના કર્મચારીગણ સાથે વાતચીત કરી તેમને કોઈ સમસ્યા હોવાની પૃચ્છા કરતા શાળા સંકુલમાં ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા ગંભીર હોવાનું માલુમ પડયું હતું. આ સમસ્યાને ઉકેલવા તેમણે સક્રીય રસ લઈ શાળા સંકુલમાં સિમેન્ટ પેવર બ્લોક નાંખવા મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી માંગણી પણ કરી છે. આ પત્રની તેમણે પ્રાથમિક શિક્ષણ અધિકારી તથા પાટનગર યોજના ભવનના કાર્યપાલક ઈજનેરને નકલ રવાના કરી આ બાબતે ઘટતું કરવા વિનંતી કરી છે.

'કરવેરા શા માટે ચુકવવા' વિષયે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ, ગાંધીનગર દ્વારા સેમેસ્ટર-૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'વ્હાય વન શુડ પે ટેકસીસ' વિષય પર સવારે ૧૧ થી ૧૨ વાગ્યા સુધી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વકતા તરીકે ગાંધીનગર આવકવેરા વિભાગના ડેપ્યુટી કમિશનર યોગેશભાઈ રાવલે મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહી ટેકસ જેવા અઘરા તેમજ શુષ્ક વિષયને સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને ગળે ઉતરે તેવી રસાળ શૈલીમાં રજૂ કર્યો હતો. વિવિધ ઉદાહરણો તેમજ ચાણકય, નાની પાલખીવાલા જેવા પ્રસિદ્ધ મહાનુભાવોના વૈચારિક દૃષ્ટિકોણને ટાંકી મુખ્ય વિષયની કેન્દ્રિય વિચારની રજુઆત સાથે તેમણે ભારતમાં કરવેરાનો ઈતિહાસ, ટેકસ ઉધરાવ વા પાછળ સરકારના હેતુઓ, સરકાર અને આવકવેરા વિભાગ વચ્ચે થતી સેતુમય કાર્યશૈલી તેમજ વર્તમાન સમયમાં મહત્વના વિષયો જેવા કે વિમુદ્રીકરણ, કાળુ નાણું વિગેરેને સ્પર્શયા હતા. સેમિનારમાં આશરે ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

જીવલેણ હુમલાના ગુનામાં વોન્ટેડ ત્રણ શખ્સો સે-૬માંથી પકડાયા

યુવાન પર ધોકા અને ચપ્પા વડે હિંસક હુમલો કરવામાં આવ્યો હતો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના સે-૭ પોલીસ સ્ટેશનમાં જીવલેણ હુમલા અંગેનો ગુનો વીસેક દિવસ પહેલા દાખલ થયો હતો. આ ગુનામાં ત્રણ હુમલાખોરો વોન્ટેડ હતા એલસીબી હસ્તકની એબસ્કવોન્ડર સ્કવોર્ડે બાતમીને આધારે આ ગુનાના ત્રણ વોન્ટેડ આરોપીઓને ગઈ કાલે સે-૬નાં મેદાનમાંથી પકડી પાડી તેમની ધરપકડ કરી લઈ સે-૭ પોલીસને સોંપ્યા છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. પી.બી. ચૌહાણની સુચનાથી તેમની એબસ્કોન્ડર સ્કવોર્ડ નાસતા ફરતા આરોપીઓ પકડવા સક્રીય છે. ટીમને બાતમી મળી હતી કે ૨૩ નવેમ્બરે સેકટર-૭ પોલીસ સ્ટેશનની હદમાં મારામારીનો ગુનો બન્યો હતો. જેમાં એક યુવાનને ધોકા અને ચપ્પુ વડે મારી જીવલેણ હુમલો કર્યો હતો. આ મામલે સે-૭ પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૧૧૪ જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો નોંધાયો હતો. આ ગુનામાં ત્રણ આરોપીઓ નાસતા ફરતા હતા. શખ્સો સે-૬ના મેદાન પાસે ઉભા હોવાની બાતમીને આધારે એબસ્કવોન્ડર સ્કવોર્ડે મેદાને જઈને ત્રણેય શખ્સો સે-૭, જ ટાઈપ બ્લોક નં. ૪૭/૨માં રહેતા મનોજ ઉર્ફે મનિષ રમણલાલ પરમાર, સે-૭-બી ટાઈપ બ્લોક નં. ૧૯૮/૯માં રહેત વિશાલ નાથુભાઈ મોદી અને સે-૭ ચ-૧ ટાઈપ બ્લોક નં. ૨૧૫/૨માં રહેતા કલ્પેશ ઉર્ફે પપ્પુ મણીલાલ મોડીયાની ધરપકડ કરી લઈ સે-૭ પોલીસને હવાલે કર્યા છે.

શહેરી પરીવહનમાં મનપાની નિરસતા

મંત્રીઓની સુવિધા પાછળ લખલુટ ખર્ચા જયારે પાટનગરવાસીઓ પાયાની જરૂરિયાતથી વંચિત

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર રાજયભરમાં સ્વચ્છતા, સુંદરતા અને શ્રેષ્ઠ સુવિધા માટે પ્રચલિત છે પરંતુ શહેરમાં વસતા લોકોને પરિવહનની ભારે હાડમારી છે. જેથી સોનાની થાળીમાં લોઢાની મેખ વાગી હોય તેમ હાલનું મનપા પણ આ વ્યવસ્થા પુરી પાડવામાં નિરસતા દાખવી રહ્યું છે. હાલ ચાલી રહેલ વિટકોસની સમય મર્યાદા પુર્ણ થઈ ગઈ છે પરંતુ શહેરી પરિવહન માટે ટેન્ડર પ્રક્રિયાના ઓથા હેઠળ ખખડધજ વિટકોસને મુસાફરોના જોખમે ચલાવવા જાણે કે મનપાએ પરવાનો આપ્યો છે. ટેન્ડરના રિટેન્ડર થયા હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે પરંતુ નિર્ણય શકિતનો અભાવ કે પછી પાછલા બારણે ગોઠવણ થતી હોવાની ચર્ચાઓ વ્યાપક બની છે.

રાજયના પાટનગરમાં પૂર્વ સીએમ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલ કરી ઈકો ફ્રેન્ડલી શહેરી બસ સેવાની શરૂઆત કરાવી હતી. શરૂ શરૂમાં વ્યવસ્થિત દોડતી આ શહેરી બસ વિટકોસ પછીથી ધંધાની રૂએ જ આ પરિવહન વ્યવસ્થામાં જોતરાઈ ગયું હતું. જે કારણે હાલ ખખડધજ અને કિલોમીટર પૂરા થઈ ગયેલ વિટકોસ મુસાફરોના જોખમે દોડી રહી છે. દરમિયાન ગાંધીનગર મહાનગરપાલિકાએ શહેરી પરિવહન માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી હતી જેને પણ ઘણો લાંબો સમય વિતી ગયો છે છતાં મનપાના વહીવટકર્તાઓ આ અંગે નકકર પરિણામ લાવી શકયા નથી. જાણવા મળ્યા મુજબ ટેન્ડરના પણ રીટેન્ડર થયા છે છતાં વ્યવસ્થા કાર્યરત થઈ શકી નથી જે કારણે શહેરમાં શંકાઓ સાથે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

વધુમાં જયાંથી રાજયનું સંચાલન થાય છે તેવા નેતાગણ પણ પાટનગરમાં પાયાની સુવિધા અપાવવામાં પાંગળા સાબિત થઈ રહ્યા છે. વાઈબ્રન્ટ સમિટમાં કે વિધાનસભા સંકુલ પાછળ લખલુટ ખર્ચા કરતું તંત્ર શહેરીજનોની સમસ્યા પ્રત્યે બેફિકર દેખાઈ રહ્યું છે. સે-૧ થી નવા ગાંધીનગર સહિતનો વિશાલ ફલક ધરાવતા આ શહેરમાં સામાન્ય માણસને ફરજીયાત ખાનગી વાહનનો આશરો લેવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ ફકત બેઠકો બોલાવી કામોને અનિર્ણીત રાખતી હોય તેવા સંજોગો સર્જાઈ રહ્યા છે. રાજયમાં લગભગ તમામ મહાનગર પાલિકાઓમાં સીટી બસની વ્યવસ્થા છે જયારે રાજયના પાટનગરમાં જ ખાટલે ખોડ ઉભી થઈ છે. શહેરીજનો તંત્ર વિરૂધ્ધ સુવિધા આપવામાં નિરસતા બાબતે ફિટકાર વરસાવી રહ્યા છે.

સાવધાન...!! શહેરમાં બાળક ઉઠાવગીર ટોળકી શિકારની ફિરાકમાં હોવાની શંકા...!!!

સેકટર-૧૭માં રવિવારે બપોરે હિંચકા-લપસણીએ રમી રહેલ બે કિશોરીઓના અપહરણના પ્રયાસની શંકાએ રહીશોમાં ફફડાટ : પોલીસ તથા નાગરિકોએ સતર્ક રહેવાની જરૂર : બાળકને એકલા રમવા મોકલતા વિચારજો

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં ચેઈન સ્નેચીંગ જેવી ઘટનાઓ તો વારંવાર બનતી હોય છે પરંતુ તાજેતરમાં સેકટર-૧૭ ખાતે એક એવી ઘટના બની હતી જેના કારણે નાગરિકોએ તથા પોલીસે સતર્કતા દાખવવી અત્યંત જરૂરી જણાય છે. આ ઘટના તા. ૧૧મી ડિસેમ્બર રવિવારે બપોરના આશરે ૩ વાગ્યાના સુમારે બનવા પામી હતી. જેમાં બગીચામાં રમી રહેલ કિશોરીઓના અપહરણનો પ્રયાસ કરાયો હોવાની શંકા જણાય છે. જે એક અત્યંત સંવેદનશીલ અને ગંભીર બાબત છે અને શહેરમાં બાળકોની સુરક્ષાના મામલે ચિંતાપ્રેરક છે.

બનાવની વિગતો જોઈએ તો સેકટર-૧૭માં જુના એમએલએ કવાર્ટસ નજીક મ્યુનિસિપલ કોર્પોરેટર્સ દ્વારા બાળકોને રમવાના રમકડાં જેવા કે હિંચકા, લપસણી, ઊંચકનિચક તથા ચકરડી વગેરે લગાડવામાં આવ્યા છે. જયાં સેકટરના ભૂલકાંઓ રમી આનંદ કિલ્લોલ કરે છે. આ રમકડાં જયાં લગાડવામાં આવ્યા છે તેની નજીક આવેલ છ ટાઈપના મકાનમાં રહેતા અને સચિવાલયમાં કાર્યરત એક કર્મચારીની આશરે ૧૨ વર્ષની દિકરી અને તેની તેટલી જ ઉંમરની નજીકમાં રહેતી બહેનપણી બંને મળીને રવિવારની રજાના દિવસે બપોરે હિંચકા-લપસણીએ રમી રહ્યા હતા. બંને કિશોરીઓ જયારે અહીં રમી રહી હતી ત્યારે બે અજાણ્યા યુવાનો ત્યાં બાઈક લઈને આવ્યા જેમાંથી એક યુવાન બાઈક પરથી ઉતરી કિશોરીઓની બાજુમાં હિંચકા ખાવા લાગ્યો હતો જયારે બાઈક ચાલક યુવાન બાઈક પાસે જ બેસી રહ્યો હતો. થોડીવારમાં પેલા યુવાને રમતા રમતા કિશોરીઓ સાથે વાત કરવાનું ચાલુ કરી તેમના નામ-ઠામ અને કોની દિકરી છે વગેરે વિગતો પુછી લીધી હતી. થોડીવાર બાદ બંને કિશોરી ઉંચકનિચક પર રમવા લાગી ત્યાર યુવાન તેમની નજીકમાં જ આંટાફેરા કરતો હતો. આ દરમિયાન પેલા યુવાને ધીમેથી પોતાના ખિસ્સામાંથી હાથરૂમાલ કાઢયો હતો. પેલી બંને કિશોરીઓમાં એક કિશોરી ખૂબ જ ચાલાક અને હોંશિયાર હતી તેને તુરંત જ ભય જણાતા તેની બહેનપણીને બુમ પાડી સાથે લઈને દોડતી સામેના ભાગે રહેતા એક ઓળખિતા વૃધ્ધાના ઘરે

ભાગી ગઈ હતી. આ જોઈ પેલા બંને યુવાનો તુરંત જ બાઈક પર બેસી રફ્ફુચક્કર થઈ ગયા હતા.

પેલી કિશોરીએ પેલા વૃધ્ધા બાને સમગ્ર હકીકત જણાવતા તુરંત જ તેમણે આસપાસના પડોશીઓને એકઠા કર્યા હતા અને એકઠા થયેલા રહીશોએ તુરંત જ સમગ્ર વિસ્તારમાં શોધખોળ ચલાવી હતી પંરતુ પેલા યુવાનોનો કોઈ પત્તો લાગ્યો નહોતો. છેવટે જાગૃત રહીશોએ સમગ્ર વસાહતમાં પોતાના ઓળખીતા પાળખીતા તથા પડોશીઓને ઘટનાની જાણ કરી સતર્ક રહેવા તથા પોતાના બાળકોને એકલા ના છોડવા કે રમવા જવા દેવા તાકીદ કરી હતી. અત્યાર સુધી તો શહેરમાં પર્સ, સોનાના દોરા, મંગળસુત્ર કે અછોડા ખેંચતા બાઈકસવાર ચેઈન સ્નેચરો અંગે ઘટનાઓ અનેકવાર પ્રકાશમાં આવી છે પરંતુ આ ઘટનાના પગલે હવે ગાંધીનગરમાં બાળકોને ઉઠાવી જતી ટોળકી કે અપહરણકારો પણ સક્રીય થયા હોય તેવી શંકા પ્રબળ બને છે. આ પગલે પોલીસે સતર્કતા દાખવી આવશ્યક પગલાં હાથ ધરવાની જરૂર છે પરંતુ સાથે સાથે નાગરિકોએ પણ જાગૃત રહી પોતાના બાળકોની સુરક્ષાનું ધ્યાન રાખવાની તથા તેમને એકલાં રમવા કે અન્ય કામે જવા દેવા અંગે વિચારીને પગલું ભરવાની જરૂર છે. આ સાથે બાળકોને કોઈ પણ અજાણી વ્યકિત સાથે અમુક હદથી વધુ વાતચીત કરવી નહી તથા સલામત અંતરે રહેવા જેવી શિખામણો આપી દેવી આવશ્યક જણાય છે.

૩૦ લીટર દેશી દારૂ સાથે શાહપુર બ્રીજ પરથી ખેપીયો પકડાયો

સ્કુટર પર દેશી દારૂની હેરાફેરી કરતો હતો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક શાહપુર નર્મદા કેનાલના બ્રીજ પર વૉચ ગોઠવીને બાતમીને આધારે આજે બપોરે ડભોડા પોલીસે દેશી દારૂની ખેપ મારતા શખ્સને પકડી પાડયો હતો. ૩૦ લીટર દેશી દારૂ તેના સ્કુટરમાંથી મળી આવતા પોલીસે મુદ્દામાલ જપ્ત કરી અમદાવાદનાં ખેપીયાની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

ડભોડા પોલીસે આજે બપોરના અરસામાં બાતમીને આધારે શાહપુર કેનાલ બ્રીજ પાસે વૉચ ગોઠવી હતી. બાતમીવાળું જીજે ૧ એ.જે. ૭૮૯૨ નંબરનું સ્કુટર ત્યાંથી પસાર થતાં સ્કુટર ચાલકને ઉભો રાખી ડભોડા પોલીસે તપાસ કરી હતી. સ્કુટરમાંથી ૩૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો દારૂ જપ્ત કરી મુળ મહેસાણાનો અને હાલ બાપુનગર અમદાવાદ રહેતા ખેપીયા બચુ ઉર્ફે વનરાજ ભરત ચાવડાની ધરપકડ કારી લીધી હતી. રૂ. ૬૦૦ની કિંમતનો દેશી દારૂ તથા સ્કુટર મળી કુલ રૂ. ૫,૬૦૦નો મુદ્દામાલ ડભોડા પોલીસે જપ્ત કરી દારૂ કયાંથી લાવ્યો હતો અને કયાં લઈ જવાતો હતો તેની પુછપરછ શરુ કરી છે.

ચિરવિદાય

• સ્વ. કુમારી ધનલક્ષ્મીબેન બેચરદાસ પરીખ, ઉ.વ. ૭૮

• સ્વ. મગનભાઈ કાનાભાઈ મકવાણા, ઉ.વ. ૫૦